Paper Code - 3666

B.R.S. Semester-III
July-September - 2021
Core-5 : Crop Protection (પાક સંરક્ષણ)

કુલ સમય :– : ૩૦ મીનીટ કુલ પ્રશ્નો : ૩૫ વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૧૮

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૧૮ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૧૮ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

૧. અતિવૃષ્ટિતથી ખેતીના પાકોને કયા પ્રકારનું નુકશાન થાય છે?
A. વનસ્પતિને પૂરતો સૂર્યપ્રકાશ મળતો નથી. B. જમીન પોચી થઈ જવાથી પાક આડો પડી જાય છે
C. A અને B બંને D. A અને B બંનેમાંથી એક પણ નહિ

૨. વડવાગોળ કયા પાકોને નુકસાન કરે છે ?
A. બાગાયતી પાકો B. કંદમૂળના પાકો C. અનાજવર્ગના પાકો D. તેલીબીયા વર્ગના પાકો

૩. નીચેનમાથી કયું પ્રાણી અષ્ટપાદ વર્ગનું છે ?
A. મોલો B. લીલી ઈયળ C. ફળમાખી D. પાનકથીરી

૪. નીંદણ ખેતી પાકોને કઈ રીતે નુકસાન કરે છે ?
A. વાવેલ પાક સાથે સૂર્યપ્રકાશ માટે હરિફાઈ કરે છે. B. વાવેલ પાક સાથે ભેજ માટે હરિફાઈ કરે છે.
C. વાવેલ પાક સાથે ખોરાક માટે હરિફાઈ કરે છે D. ત્રણેય રીતે

૫. નીચેનમાથી કયુ કીટક ચાવીને ખાનાર કીટક છે ?
A. મોલો B. લીલીઈયળ C. તડતડીયા D. થ્રીપ્સ

૬. કીટક કયા સમુદાયનું પ્રાણી છે?
A. સંધિપાદ B. અષ્ટપાદ C. A અને B બંને D. A અને B બંનેમાંથી એક પણ નહિ

૭. કીટકની શ્રૃગિકા કયા ભાગમાં આવેલી હોય છે?
A. વક્ષ B. ઉદરપ્રદેશ C. શિર D. પગ

૮. કીટકનો ઉદર પ્રદેશ કેટલા દેહભાગોનો બનેલો હોય છે ?
A. ૩ B. ૬ C. ૧૧ D. ૨૦

૯. પૂર્ણ કાયાન્તરણ પામતા કીટકમાં કુલ કેટલી અવસ્થાઓ જોવા મળે છે ?
A. ૨ B. ૩ C. ૪ D. ૫

૧૦. પૂર્ણ કાયાન્તરણ પામતા કીટકમાં કઈ કઈ અવસ્થાઓ જોવા મળે છે ?
A. ઈંડુ-ઈયળ- કોશેટો- પુખ્ત B. ઈંડું-અર્ભક-પુખ્ત C. ઈંડુ-પુખ્ત D. ઈંડું-અર્ભક-

૧૧. નીચેનામાંથી કયુ કુદરતી પરિબળ કીટકનો ફેલાવો થતો અટકાવવામાં મદદરુપ થાય છે ?
A. ભૌગોલિક સ્થાનો B. ભેજ C. વરસાદ D. ગરમી

૧૨. પ્રકાશ પિંજરનો ઉપયોગ કરી કીટકોનું નિયંત્રપ કરવાની પધ્ધતિ કયા પ્રકારની છે?
A. રાસાયણિક B. જૈવિક C. ભૌતિક D. કર્ષણ

૧૩. કપાસના પાકમાં કયા કીટકના નિયંત્રણ માટે પિંજર પાક તરીકે ભીંડાની વાવણી કરવામાં આવે છે ?
A. લશ્કરી ઈયળ B. લીલી ઈયળ C. કાબળી ઈયળ D. ગુલાબી ઈયળ

૧૪. વાવણી સમયમાં ફેરફાર કરીને કીટક નિયંત્રણ કરવાની રીતનો પ્રકાર ના કીટક નિયંત્રણમાં સમાવેશ થાયછે ?
A. કર્ષણ પધ્ધતિ B. જૈવિક કીટક નિયંત્રણ C. ભૌતિક કીટક નિયંત્રણ D. એકેયનહિ

૧૫. લેડી બીર્ડ બીટલ કયા કીટકનું ભક્ષણ કરે છે ?
A. મોલો B. લીંબુનું પતંગિયું C. રાઈની માખી D. ગાભમાળાની ઈયળ

૧૬. B.T. જીવાણુનું પુરુ નામ શું છે?
A. બેસીલસ થ્યુરેન્જીએસીસ B. બેસીલસ થાઈરોઈડસ C. બેકીંગ ટ્રાન્સલેશન D. બેકીંગ ટ્રાન્સફોરમેશન

૧૭. બેવેરીયા બેસીયાના ફુગથી નીચેનમાંથી કોનું જૈવિક નિયંત્રણ કરી શકાય?
A. મોલો B. સફેદ ડોળ C. ફળમાખી D. ઉધઈ

૧૮. I.P.M. નું પુરુ નામ શું છે?

A. ઈન્ટીગ્રેટેડ પેસ્ટ મેનેજમેન્ટ B. ઈન્સેકટ પેસ્ટ મેનેજમેન્ટ

C. ઈન્ટીગ્રેટેડ પોસ્ટ મેનેજમેન્ટ D. ઈન્સેકટ પોસ્ટ મેનેજમેન્ટ

૧૯. જે દવા પાક ઉપર છાંટવાથી પાકના પાન કે મૂળ ધ્વારા શોષાઈ આખા છોડમાં ફેલાઈ તેવી કીટનાશક દવાને શું કહે છે ?

A. જઠર વિષ B. સ્પર્શ વિષ C. ધૂમકર વિષ D. શોષક વિષ

૨૦. નીચેનામાંથી કઈ કીટનાશક દવા નિયોનિકોટીનોઈડ્સ ગ્રુપની છે ?

A. સાયપરમેથ્રીન B. ઈમીડાકલોપ્રીડ C. ફોરેટ D. ડાયમીથોએટ

૨૧. નીચેનમાંથી કયા સજીવના કોષમાં કોષકેન્દ્ર હોય છે ?

A. જીવાણુ B. ફૂગ C. વિષાણું D. એકેય નહિ

૨૨. નીચેનમાંથી કઈ ફૂગનો ઉપયોગબેકરી ઉદ્યોગમાં થાય છે ?

A. પેનીસીલીન B. મશરુમ C. ઈસ્ટ D. બેવેરીયા

૨૩. વનસ્પતિજન્ય રોગ જન્ટા કૃમિના નિયંત્રણ માટે નીચેનામાંથી કઈ દવાનો ઉપયોગ થાય છે ?

A. કાર્બોકયુરાન B. કાર્બારીલ C. ફોસ્ફામીડોન D. ડાયમીથોએટ

૨૪. વાંદાનો ઉપદ્રવ કયા પાકમાં જોવા મળે છે ?

A. ઘઉં B. દિવેલા C. કપાસ D. આંબો

૨૫. આગિયાનો ઉપદ્રવ કયા પાકમાં જોવા મળે છે?

A. દિવેલા B. જુવાર C. મગફળી D. આંબો

૨૬. વિવિધ પાકોમાં થતો કોકડવા રોગનો રોગ પ્રેરક કયો છે ?

A. વાયરસ B. બેકટેરીયા C. ફૂગ D. કૃમિ

૨૭. નીચેનમાંથી કયુ કીટક રસ ચૂસી ત્યારે મોં મોં થી ગળ્યો પદાર્થ બહાર કાઢે છે ?

A. મોલો B. ઉધઈ C. ફળમાખી D. ખપેડી

૨૮. નીચેનમાંથી કયુ કીટક શંકુ આકારના ફાચર જેવા આછા લીલા રંગના હોય છે ?

A. ઉધઈ B. સફેદ ડોળ C. તડતડીયા D. ટ્રાયકોગામા

૨૯. નીચેનમાંથી કયુ કીટક સામૂહિક રીતે રહેતું સામાજિક કીટક છે ?

A. સફેદ ડોળ B. તડતડીયા C. થ્રીપ્સ D. ઉધઈ

૩૦. નર ફળમાખી નીચેનમાથી કયા પદાર્થ તરફ આકર્ષાય છે ?

A. મિથાઈલ પેરાથીઓન B. મિથિલીન બ્લ્યુ C. મિથાઈલ યુજીનોલ D. એકેય નહિ

૩૧. નીચેનામાંથી કયુ પ્રાણી ષષ્ટપાદ વર્ગનુ છે ?

A. કરોળીયો B. પાનકથીરો C. મોલો D. એકેય નહિ

૩૨. કીટકનું શિર કેટલા દેહભાગોનું બનેલું હોય છે?

A. ૬ B. ૩ C. ૧૧ D. ૨૦

૩૩. પાકની ફેરબદલી કરી કીટક નિયંત્રણ કરવુ એ કઈ કીટક નિયંત્રણની પધ્ધતિ છે?

A. કર્ષણ પધ્ધતિ B. જૈવિકપધ્ધતિ C. કાનૂની પધ્ધતિ D. યાંત્રિક પધ્ધતિ

૩૪. નીચેનમાંથી કઈ કીટનાશક દવા સીન્થેટીક પાયશેથીફિસ ગ્રુપની નથી.

A. એન્ડોસલ્ફાન B. ફેનવલરેટ C. આલ્ફામેથ્રીન D. સાયપરમેથ્રીન

૩૫. નીચેનમાંથી કઈ દવા રોગનાશક છે ?

A. મેન્કોઝેબ B. એન્ડોસલ્ફાન C. કલોરપાયરીફોસ D. મોનોક્રોટોફોસ